सत्यमेव जयते

દાખલ થયા તારીખ : ૧૭ / ૦૪ / ૨૦૧૮

રજી.લીધા તારીખ : ૧૭/ ૦૪/૨૦૧૮

નીકાલ તારીખ : ૧૭/ ૦૨ /૨૦૨૫

સમય: વર્ષ- માસ- દિવસ-

**અમદાવાદના ૧૦ મા એડી.ચીફ.જયુડિશીયલ મેજીસ્ટ્રેટ, <u>શ્રી આર.એ.અગ્રવાલ</u>**
**સાહેબની કોર્ટ નં ૧૪ મા. મુ. અમદાવાદ શહેર**

**<u>ક્રિ.કેસ.નં ૩૮૧૨૨/૨૦૧૮</u>**

ફરીયાદી :- શ્રી સરકાર

<u>વિરૂધ્ધ</u>

<u>આરોપી</u> :- ૦૧) વિનોદકુમાર મોહનલાલ શાહ

ઉ.વ. ૪૨

રહેવાસી : મકાન નં ૭ , રાજ પેલેસ જૈન સોસાયટી બોની

ટ્રાવેલ્સની ગલીમા પાલડી હોટક હેત અમદાવાદ શહેર

૦૨) ભરતભાઈ મોહનલાલ શાહ

ઉ.વ.૫૧

રહેવાસી: મકાન નં ૬ માગલ્યા ફલેટ જન સોસાયટી પ્રીતમ

નગર અખાડા રોડ અમદાવાદ શહેર

**<u>ગુનો</u>** : - **<u>ઈ.પી.કો ની કલમ ૩૦૪(અ) , ૧૭૭ , ૧૧૪ તથા કિશોર ન્યાય(બાળકોની સંભાળ અને સુરક્ષા અધિનીયમ ૨૦૧૫ ) ની કલમ ૭૫ તથા ૮૭ મુજબ</u>**

---

**<u>ફરીયાદ પક્ષે</u>** :- <u>વિ.એ.પી.પી.શ્રી.બી.એચ.જાની</u>

**<u>આરોપી પક્ષે</u>** :- <u>વિ.વકીલ શ્રી. એમ.સી.મકવાણા</u>

---

## - ૦ <u>જ જ મે ન્ટ</u> ૦-

**૦૧**) ફરીયાદીની ટૂંકમા ફરીયાદ એવી છે કે આ કામના આરોપીએ પોતાના માલીકીની રૂષભ ફેકટરી દાણીલીમડા ઢોર બજાર ચાર રસ્તા ખાતે આવેલ છે જે ફેકટરીમા મેનેજર સુપરવાઈઝર કે જરૂરી માર્ગદર્શન આપનાર કોઈ કર્મચારીને નહી રાખી તેમજ ફેકટરીમા આવેલ ગરમ પાણીની કુડી પાસે જરૂરી સાવચેતી કે સુવીધા નહી રાખેલ જેના પરીણામે ગઈ તા: ૦૬ /૧૦ /૨૦૧૬ ના કલાક ૨૩/૩૦ વાગે ફરીયાદીનાઓનો દીકરો રાકેશ ઉર્ફે અંકુર સ/ઓ અખ્તરસિંહ નાનો અચાનક ગરમ પાણીની કુડીમા પડી જતા તેને સારવાર માટે વા.સા.હોસ્પીટલ લઈ જઈ સારવાર દરમ્યાન તા:૧૫/૧૦/૨૦૧૬ ના કલાક ૧૩/૧૫ વાગે મરણ ગયેલ અને બનાવ સંબંધે આરોપી નં ૧ વિનોદભાઈ

નાઓએ ડોકટર તથા પોલીસમા રૂબરૂ આ બનાવ ફરીયાદીનાઓના ઘરે બનેલ હોવાનુ જણાવી ખોટી હકીકત જાહેર કરી બેદરકારી અને નિષ્કાળજી રાખીને આરોપી નં ૧ અને ૨ને મદદગારી કરી ઈપીકોની કલમ<u>૩૦૪(અ) , ૧૭૭ , ૧૧૪ તથા કિશોરન્યાય(બાળકોની સંભળા અને સુરક્ષા અધિનીયમ ૨૦૧૫ )</u> ની<u>કલમ ૭૫ તથા ૮૭ મુજબ</u> ગુનો કરેલ છે જે અંગેની ફરીયાદ ફરીયાદીએ દાણીલીમડા પોલીસ સ્ટેશનમા આપેલી.

**૦૨)** સદર કામે ચાર્જશીટ દાખલ થતા આરોપીને સમન્સ કરવામા આવેલ અને આરોપી અત્રેની કોર્ટ સમક્ષ હાજર થતા તેઓને સી.આર.પી.સી ની કલમ ૨૦૭ અન્વયે નકલ પુરી પાડી આરોપી સામે આંક ૦૨થી તહોમતનામુ ફરમાવામા આવેલ છે જે તહોમતનામુ આ કામના આરોપી નાઓને વાંચી સંભળાવતા તેઓને ગુનો કબુલ ન હોય તે બાબતની પ્લી આંક ૦૩ અને આંક ૦૪ મા નોંધવામા આવેલ છે અને પ્લી મા તેઓ નીર્દોષ હોય અને કેસ આગળ ચલાવવા માંગતા હોય જેથી ફરીયાદ પક્ષનો પુરાવો નોંધવામાઆવેલ.

**૦૩)** ફરીયાદ પક્ષે નીચે મુજબના મૌખીક તથા લેખીત પુરાવા રજુ કરેલ.

## <u>મૌખીક પુરાવા</u>

| ક્રમ | ફરીયાદી / સાહેદોના નામ | આંક |
|---|---|---|
| ૦૧ | ફરીયાદી અખ્તરસીંહ પ્રજાપતીની જુબાની | આંક ૦૫ |

| | | |
|---|---|---|
| ૦૨ | સાહેદ સુધીર સુરેશચન્દ્રની જુબાની | આંક ૦૭ |
| ૦૩ | સાહેદ મહેન્દ્રસિંહ કેશરીસિંહ ચાવડાની જુબાની | આંક ૦૮ |
| ૦૪ | સાહેદ સંગીતાબેન અતરસીંગભાઈ પ્રજાપતીની જુબાની | આંક ૦૯ |
| ૦૫ | સાહેદ અરવીંદસીંહ શ્રીરામ શુકલા પ્રજાપતીની જુબાની | આંક ૧૦ |
| ૦૬ | સાહેદ સુખવીરસીંગ રમેશચંદ્ર પ્રજાપતીની જુબાની | આંક ૧૨ |

## દસ્તાવેજી પુરાવા

| ક્રમ | દસ્તાવેજ | આંક |
|---|---|---|
| ૦૧ | ફરીયાદ | આંક ૦૬ |
| ૦૨ | પંચનામુ | આંક ૧૧ |
| ૦૩ | પંચનામુ | આંક ૧૭ |

**૦૫)** ઉપરોકત રેકોર્ડ ધ્યાને લેતા નીચે મુજબના મુદદા કાઢવામા આવે છે.

**– ૦ મુદ્દાઓ ૦ –**

**૦૧) શુ** ફરીયાદપક્ષ નીશંકપણે પુરવાર કરે છે કે આ કામના આરોપીએ પોતાના માલીકીની ફેકટરીમા આવેલ ગરમ પાણીની કુડી પાસ `જરૂરી સાવચેતી કે સુવીધા નહી રાખેલ જેના પરીણામે ગઈ તા: ૦૬ /૧૦ /૨૦૧૬ ના કલાક ૨૩/૩૦ વાગે ફરીયાદીનાઓનો દીકરો રાકેશ ઉર્ફે અંકુર સ/ઓ અખ્તરસિંહ નાનો અચાનક ગરમ પાણીની કુડીમા પડી

જતા મરણ ગયેલ હોય આરોપી નં ૧ વિનોદભાઈ નાઓએ ડોકટર તથા પોલીસમા રૂબરૂ આ બનાવ ફરીયાદીનાઓના ઘરે બનેલ હોવાનુ જણાવી ખોટી હકીકત જાહેર કરી બેદરકારી અને નિષ્કાળજી રાખીને આરોપી નં ૧ અને રને મદદગારી કરી ઈપીકોની કલમ૩૦૪(અ) , ૧૭૭ , ૧૧૪ તથા કિશોરન્યાય(બાળકોની સંભળા અને સુરક્ષા અધિનીયમ ૨૦૧૫ ) નીકલમ ૭૫ તથા ૮૭ મુજબ ગુનો કરેલ મુજબ ગુનો કરેલ છે?

**૦૨)... શુ** હુકમ?

**૦૬)** ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણયો નીચે મુજબના છે.

**૧)... નકારાત્મક**

**૨)... આખરી હુકમ મુજબ**

**૦૭)** ઉપરોકત નીર્ણયો અંગેના મારા કારણો નીચે મુજબ છે.

## – ૦ કા ર ણો ૦–

૦૮) ફરીયાદપક્ષ તરફે આરોપી સામેનો ગુનો પુરવાર કરવા માટે બનાવ સમયે આ કામના આરોપીએ ફરીયાદમાં જણાવ્યા મુજબનો ગુનો આચરેલ હોય તે હકીકત

રેકર્ડ ઉપર પુરાવા દ્વારા પુરવાર થવી મહત્વની અને જરુરી છે

૦૯) આ કામે ફરીયાદપક્ષ તરફથી ફરીયાદી અખ્તરસીંહ પ્રજાપતીને તપાસવામા આવેલા છે તેઓએ પોતાની જુબાનીમા ફરીયાદની હકીકત બાબતોનુ પુનરાવર્તન કરેલ છે પરંતુ આરોપી પક્ષ તરફથી આંક ૧૪ વાળી રીકોલની અરજી મંજુર થતા ફરીયાદીની ઉલટતપાસ લેવામા આવેલ જે ઉલટતપાસ ધ્યાને લેવામા આવે તો તેઓએ તેમા એ બાબત સ્વીકારેલ છે કે આરોપી સાથે ખાનગી રાહે સુખદ સમાધાન થયેલ છે જેથી હુ કેસ આગળ ચલાવવા માગતા નથી વધુમા એ બાબતનો સ્વીકાર કરે છે કે આરોપી સાથે કોઈ મનદુ:ખ નથી વધુમા બનાવ સમયે સ્થળ પર તેઓ હાજર નહોતા જેથી કોઈ માહીતી નથી તે બાબતને સ્વીકારેલ છે.

૧૦) વધુમા આ કામે આંક ૦૮ થી મહેન્દ્રસીંહ કેશવસીંહ ચાવડા ને તપાસેલા છે પરંતુ તેઓએ કોઈ ફરીયાદની હકીકત બાબતને સમર્થન આપેલ નહોય જેથી તેઓને હોસ્ટાઈલ જાહેર કરવામા આવેલા છે વધુમા આંક ૦૯ થી સંગીતાબેન અતરસીંગભાઈ પ્રજાપતીને તપાસવામા આવેલા છે તેઓને પણ રીકોલની અરજી મંજુર થતા ઉલટતપાસ લેવામા આવેલ જેમા તેઓએ એ બાબતનો

સ્વીકાર કરેલ છે કે આરોપી સાથે ખાનગી રાહે સુખદ સમાધાન થયેલ છે જેથી હુ કેસ આગળ ચલાવવા માગતા નથી વધુમા એ બાબતનો સ્વીકાર કરે છે કે આરોપી સાથે કોઈ મનદુ:ખ નથી વધુમા બનાવ સમયે સ્થળ પર તેઓ હાજર નહોતા જેથી કોઈ માહીતી નથી તે બાબતને સ્વીકારેલ છે.વધુમા આંક ૧ ૦ થી અરવીંદસીંહ શ્રીરામ શુકલા ને તપાસવામા આવેલા છે તેઓની પંચ સાહેદ તરીકે સહી લીધેલી છે પરંતુ તેઓ પંચનામા વીશે કોઈ બાબત જાણતા ન હોય તેવુ જણાવેલ છે જેથી તેઓને પણ હોસ્ટાઈલ જાહેર કરવામા આવેલ છે. વધુમા આંક ૧૨ થી સુખવીરસીંગ રમેશચંદ્ર પ્રજાપતીને તપાસવામા આવેલા છે તેઓ તેમની જુબાનીમા બનાવવાળા દીવસે તેઓ તેઓના ઘરે હતા બનાવની જાણ ફોન પર થયેલ જેથી તેઓ હોસ્પીટલમા ગયેલ તેમ જણાવેલ છે. પરંતુ જો તેમની ઉલટતપાસ ધ્યાને લેવાામા આવે તો તેઓએ તેમા એ બાબતનો સ્વીકાર કરેલ છે કે આ બનાવ કઈ જગ્યાએ બનેલ તેની જાત માહીતી નથી .

**૧૧)** હવે જો ઉપરોકત ચર્ચા જો ધ્યાને ફરીયાદપક્ષ તરફથી ફરીયાદીને આ કામના આરોપી સાથે સુખદ રીતે સમાધાન થઈ ગયેલ હોય અને હાલનો કેસ આગળ ચલાવવા માંગતા નથી તે બાબત જણાવેલ છે વધુમા પંચ સાહેદ ને તપાસવામા આવેલા છે તેઓ હોસ્ટાઈલ જાહેર થયેલ આમ જો તમામ સંજોગો ધ્યાને લેવામા આવેતો ફરીયાદ પક્ષ તરફથી ખરેખર આવો બનાવ

આરોપીનાઓ ધ્વારા જ સર્જાયેલ છે કે કેમ તે અંગે લેશ માત્ર પુરાવો કોર્ટ સમક્ષ પુરવાર થતો નથી વધુમ ફરીયાદી તથા આરોપી વચ્ચે સમાધાન થઈ ગયેલ હોય જેથી તે સંજોગો મા ફરીયાદપક્ષ પોતાનો કેસ પુરવાર કરવામા નિષ્ફળ ગયેલ હોય જેથી **મુદદાનંબર ૧ નો જવાબ નકારાત્મક** તથા **મુદદા નં ર નોજવાબ આખરી હુકમ** મુજબ રહેશે.

**− ૦ હુકમ ૦−**

**૦૧)** આ કામના આરોપીનાઓ**ને** ક્રિ.પ્રો.કોડની કલમ− ર૪૮ (૧) અન્વયે **ઈ.પી.કો ની કલમ ૩૦૪(અ) , ૧૭૭ , ૧૧૪ તથા કિશોર ન્યાય(બાળકોની સંભાળ અને સુરક્ષા અધિનીયમ ર૦૧૫ ) નીકલમ ૭૫ તથા ૮૭ મુજબ**ના ગુનામાથી નીર્દોષ છોડી મુકવામા આવે છે.

**૦ર)** ક્રિ.પ્રો.કોડની કલમ−૪૩૭(એ) મુજબ આ કામના આરોપીના જામીનખત અપીલ સમય સુધી ચાલુ રાખવા અને અપીલ સમય પુરો થયા બાદ રદ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ તા**: ૧૭** માહે**: ફેબ્રુઆરી** સને**: ર૦ર૫** ના રોજ અદાલતમાં વાંચી જાહેર કર્યો.

તા**: ૧૭ /૦ર / ર૦ર૫**

અમદાવાદ શહેર

**(આર.એ.અગ્રવાલ)**

૧૦માએડી.ચીફ.જયુડિશીયલ મેજીસ્ટ્રેટ

સાહેબની કોર્ટ નં ૧૪,અમદાવાદ શહેર

જી.જે.૦૦૯૩૩